# ’૩૧માં ડોકિયું

(સંવર્ધિત આવૃત્તિ)

ઉમાશંકર જોશી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

# ’૩૧માં ડોકિયું ની સંવર્ધિત આવૃત્તિ વખતે નિવેદન

ઉમાશંકર જોશીના પુસ્તક *’૩૧માં ડોકિયું* ના પુનર્મુદ્રણની ઘણા સમયથી માગ હતી. એમના જન્મશતાબ્દી વર્ષમાં પુનર્મુદ્રણ કરવાનું નક્કી કર્યું ત્યારે, એમના ૧૯૩૧ના વિદ્યાપીઠ નિવાસ દરમિયાન લખાયેલી, બીજી એક વાસરી એમના હસ્તાક્ષરમાં એક નોટબુકમાં મળી. આનંદ અને આશ્ચર્ય સાથે એને ખોલીને જોયું તો વિદ્યાપીઠમાં આવ્યા તે દિવસથી એટલે કે ૩૦ મે ૧૯૩૧થી ૧૬ જુલાઈ ૧૯૩૧ સુધીની માહિતીવાળી વાસરી મળી.

ઉમાશંકર જોશીએ આ વાસરી એ વખતે હાથમાં ન આવવાથી છાપી ન હતી કે સહેતુક એનું પ્રકાશન નહોતું કર્યું એ અટકળનો વિષય છે. ગમે તે કારણે *’૩૧ માં ડોકિયું* માં કેવળ એક નોટબુકની વાસરી જ પ્રકાશિત થઈ છે. હવે જ્યારે ઉમાશંકર જોશીનું બધું જ અપ્રગટ લખાણ પ્રગટ કરવાનું નક્કી કર્યું છે ત્યારે આ બીજી નોટબુકની વાસરીનું પણ પ્રકાશન કરવાનું ઉચિત માન્યું છે.

*’૩૧માં ડોકિયું* જે ૧૬ જુલાઈ ૧૯૩૧થી શરૂ થાય છે તેના આગળના પાના પર હસ્તાક્ષરમાં એમણે નોંધ્યું છે કે ‘૧૬-૭-’૩૧ના કલાકોની રોજનીશી આમાં નથી. તે પછી, દિવસના બનાવો વિશેના લખાણથી આ નોટબુક શરૂ થઈ છે.’ બીજી નવી મળેલી વાસરી ૧૬ જુલાઈ ૧૯૩૧ના કલાકોની રોજનીશીથી પૂરી થાય છે. આમ બંને નોટબુક ભેગી મૂકવાથી વિદ્યાપીઠના તેમના નિવાસની ૩૦ મે, ૧૯૩૧થી ૨૫ ઑક્ટોબર, ૧૯૩૧ સુધીના દિવસોની સળંગ વાસરી મળે છે

*’૩૧માં ડોકિયું* **ન** લેખકના નિવેદનમાં જણાવ્યા પ્રમાણે એ પુસ્તકમાં રોજના કલાકોના હિસાબવાળો ભાગ સામાન્ય રીતે રદ કર્યો છે. આ બીજી વાસરીના પ્રકાશનમાં કલાકોનો હિસાબ જેમ મૂળમાં છે તેમ રાખ્યો છે. લેખકના જણાવ્યા મુજબ કાકાસાહેબ કાલેલકરનો વાસરી લખવા પાછળ મુખ્ય આશય કલાકોનો હિસાબ રહે એ હતો. આથી આ નવી વાસરીમાં એ ભાગ યથાવત રાખ્યો છે જેથી વાચકને પણ દિવસ દરમ્યાનની કામગીરીનો ખ્યાલ આવે.

આ બીજી, શરૂઆતની વાસરીમાં કાકાસાહેબની સહી ‘કાકા’, અને ક્યારેક નોંધ પણ તે તે દિવસોની વાસરી પછી વારંવાર જોવા મળે છે. કાકાસાહેબની

સહી અને નોંધ પણ આ બીજી વાસરીના પ્રકાશનમાં બોલ્ડમાં મોટા કૌંસમાં મૂક્યાં છે.

ખરું જોતાં, ક્રમાનુસાર આ વાસરી '*૩૧માં ડોકિયું* ની વાસરીની પહેલાં આવે. પરંતુ ઉમાશંકર જોશીએ ૧૯૭૭માં '*૩૧માં ડોકિયું* શીર્ષકથી જે વાસરી પ્રકાશિત કરી એને એ જ સ્વરૂપમાં રાખવાનો નિર્ણય કર્યો છે. એ મૂળ પુસ્તકની પ્રતને ફરીથી સ્પર્શવાથી એ પુસ્તકનું સ્વરૂપ બદલાય એ યોગ્ય નથી લાગ્યું. આથી આ નવી વાસરીને પરિશિષ્ટમાં મૂકી છે.

'*૩૧માં ડોકિયું* માં પ્રગટ થયેલી વાસરીમાં એ વખતના રાજકીય વિચારો – સ્વરાજ્ય, ક્રાંતિ, સામાજિક પરિવર્તન, હિંસા, અહિંસા, વગેરે – એક યુવકના મનમાં ઝીલાયા છે. આ, શરૂઆતની વાસરીમાં, એ યુવકના અંગત વિચારો અને લાગણીઓ ઝીલાયાં છે. બંને વાસરીઓમાં એક યુવકના જીવનના ઘડતરના છ મહિનામાં ડોકિયું કરવાની વાચકને તક મળે છે.

અમદાવાદ<br>
૯ જુલાઈ ૨૦૧૧

સ્વાતિ જોશી

# નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠમાં છ મહિના રહેવાની મને તક મળી. ૧૯૩૧ના એ છ મહિના! દેશનું એ વખતનું રાષ્ટ્રભાવનાથી ધબકતું વાતાવરણ. સાદી ઉદ્યોગશીલ સૈનિકની રહેણી, રાષ્ટ્રીય આંદોલન અંગેનું કાંઈ ને કાંઈ સેવાકાર્ય, પોતાનું જીવન ઘડવાનો લહાવો લઈ રહ્યા છીએ એવી પ્રતિપળ પ્રતીતિ.

એ દિવસોમાં હું ડાયરી લખતો. કાકાસાહેબ એ જોઈ જતા, એને છેડે સહી કરતા. એમનો ખ્યાલ કલાકોનો હિસાબ રહે એ મુખ્યત્વે હતો. એ વખતે બારપંદર કલાકનો દિવસ હોવો એની નવાઈ ન હતી, અને તેમ છતાં કાકાસાહેબ મારા સમયમાં બાકોરાં રહે તે વિશે ચાનક આપ્યા કરતા. દરેક દિવસે કલાકોનો હિસાબ, કાકાસાહેબનાં અને અન્ય પ્રવચનો વગેરેની નોંધ અને દિવસ દરમ્યાન બીજું જે કાંઈ મહત્ત્વનું જણાય તે ડાયરીમાં ઊતરતું. દસકા ઉપર વાસરીની નોટ એક તરુણ મિત્રને બતાવતાં તેમણે નકલ ઉતારી. નકલના કાગળો બગડવા આવ્યા. મૂળ નોટમાં પણ કેટલાંક પાનાંમાં શાહી ફૂટી છે તે ચાર-પાંચ દસકા થવા આવતાં ઝાંખી પડતી જાય છે. આ લખાણમાં ખાસ કોઈ વ્યક્તિઓ વિશે અંગત એવું કશું ન હોઈ છાપવાનો વિચાર આવ્યો.

પ્રગટ કરતી વખતે રોજના કલાકોના હિસાબવાળો ભાગ સામાન્ય રીતે રદ કર્યો છે, ક્યાંક કોઈ વિગતો રહેવા દીધી છે. લખાણમાંથી કાંઈ રદ કર્યું હોય ત્યાં ઘણુંખરું ત્રણ ટપકાં . . .મૂક્યાં છે, કશું બદલ્યું નથી. ક્યાંક કંઈ ઉમેર્યું હોય તો તે મોટા કૌંસમાં મૂક્યું છે.

આ વાસરી દ્વારા ૧૯૩૧ના રાષ્ટ્રીય જાગૃતિ અને પુરુષાર્થના જુવાળ વખતે ગુજરાતમાં એક તરુણ કેવાં વિચારવલણો અને પ્રવૃત્તિ વચ્ચે ઊછરે છે તેનો કાંઈક આત્મીયતાભર્યો હકીકત-આલેખ સુલભ થશે. જુદા જુદા સમયનાં – ૧૯૪૨, ’૪૭, ’૫૬, ’૭૪, ’૭૫, ’૭૬, ’૭૭નાં આવાં હકીકતી બયાનો બહાર આવે તો તે તે સમયમાં ડોકિયું કરવાની તક મળે.

’૩૧માં ગાંધીજીની વિદ્યાપીઠમાં રશિયન ક્રાન્તિનો ઉત્સાહથી થતો અભ્યાસ – ખાસ કરીને બૌદ્ધ ધર્મના જગપ્રસિદ્ધ વિદ્વાન ધર્માનન્દ કોસંબીની નિખાલસ

ક્રાન્તિ-તરફી રજૂઆતો, વિદ્યાપીઠમાં ચાલતી ચર્ચાસભા (સેમિનાર)ની સારી એવી કક્ષા, વિદેશી કાપડની ચોકીના અનુભવો, ગાંધીજીનું અખૂટ પ્રેરણાભર્યું સાન્નિધ્ય – તેઓ જેને શ્વાસોચ્છ્વાસરૂપ લેખતા તે પ્રાર્થના અંગેનાં એમનાં નિરીક્ષણો, જવાહરલાલ નહેરુ સાથેની મુલાકાત, – એ સમયના વિવિધ રંગો આ વાસરીમાં ઝિલાયા છે. અલબત્ત, એક તરુણના માનસ દ્વારા, જે વળી એક ઊગવા કરતો સર્જક છે. કઈ કઈ રીતે કેવી કેવી વસ્તુઓ એની ચેતનાને સ્પર્શી જાય છે, કેવાં બળોના પ્રભાવ વચ્ચે 'વિશ્વશાંતિ' રચાય છે, એવી બધી વ્યક્તિગત કથા પણ સ્વાભાવિકપણે વાસરીમાં આવે છે.

જે મહાજનો કે મિત્રોના ઉદ્‌ગારો તે તે વખતે સ્મૃતિમાંથી આ વાસરીમાં નોંધાયા છે, તેઓને એ અન્યાયકર્તા નહીં હોય એવી આશા છે.

ગદ્યલેખનનો, વીરમગામની દૈનિક સત્યાગ્રહપત્રિકાનું સંપાદન બાદ કરતાં, આ મારો પહેલો અનુભવ છે. વિદ્યાપીઠના અર્ધશતાબ્દી મહોત્સવગ્રંથ માટે ૧૯૭૦માં આપેલો લેખ 'મારું અરધું વરસ' આ સાથે જોડ્યો છે. આ વાસરીની પશ્ચાદ્‌ભૂમિકાની એ ગરજ સારશે.

'૩૧માં ડોકિયું કરતાં કરતાં વાચક પોતાના પણ તરુણાવસ્થાના એવા સર્જનાત્મક સમયમાં ડોકિયું કરવા પ્રેરાશે એવી આશા રાખું છું.

માર્ચ ૨૩, ૧૯૭૭ — – ઉમાશંકર જોશી

# મારું અરધું વરસ[1]

૧૯૩૦ની સત્યાગ્રહ-લડત '૩૧ના માર્ચમાં પૂરી થઈ. ફરી પાછા ગુજરાત કૉલેજમાં જોડાવા મન ના પાડતું હતું. લાગતું હતું કે ફરી લડત આવી રહી છે. વિદ્યાપીઠમાં જવાનું વિચાર્યું. આશ્રમમાં કે વિદ્યાપીઠમાં ત્યારે રહેવા મળે એ પોતે જ તે કેવી મોટી ખુશનસીબી! મનની એ વખતની બંને મુખ્ય વૃત્તિઓ –રાષ્ટ્રપ્રેમ અને સાહિત્ય લગની–ને પૂરું પોષણ મળે એવું એ સ્થાન હતું. ૧૯૩૧નો ઉનાળો ઊતરતાં વિદ્યાપીઠનિવાસ સ્વીકાર્યો. વરસના અંત સુધી ત્યાં રહ્યો.

મૅટ્રિકમાં અમદાવાદ ભણવા આવ્યો, તે આખું વરસ કદાચ વિદ્યાપીઠ તરફ ફરક્યો પણ ન હતો. કૉલેજમાં ગયા પછી રાષ્ટ્રીય ઉત્થાનના વાતાવરણે આકર્ષ્યો. વિદ્યાપીઠનાં પહેલાં બે સ્મરણો મારે માટે રોમહર્ષણ છે.

એક બપોરે વિદ્યાપીઠના વિશાળ ગ્રંથાલયમાં ગયો. ખુલ્લા ઘોડાઓ ઉપર પુસ્તકો જ પુસ્તકો. મનમાં જે આવે તે ઉપાડીને જુઓ અને પાછાં મૂકો. પહેલાં તો મારા માન્યામાં ન આવ્યું. માણસનો આટલો વિશ્વાસ થઈ શકે છે એનો આનંદ થયો. ઈડરની શાળામાં હેડમાસ્તરના ટેબલ પરના એન. એમ. ત્રિપાઠી પ્રકાશક કંપનીનાં પુસ્તકોના સૂચિપત્ર ઉપર ઊછરેલા જીવ માટે આ જાફત અવર્ણનીય હતી. ... વિદ્યાપીઠની પ્રથમ મુલાકાતમાં જ એક મહત્ત્વનો પરિચય થયો. નીચેની છાત્રાવાસની ઓરડીઓ પાસે અમે મિત્રો ફરતા હતા, ત્યાં ઉત્તર તરફના દાદર પાસેની ઓરડીમાં પીંજણકામ ચાલતું હતું તે જોવા થોભ્યા. અંદરથી એક યુવાને કામ જરીક થંભાવ્યું અને અમારી સાથે વાતે વળ્યા. નામ પૂછ્યાં. મારું સાંભળ્યું એટલે કહેઃ આ વખતે મૅટ્રિકમાં અમદાવાદમાં પહેલો આવ્યો તે? આ હતા ઠાકોરભાઈ દેસાઈ, તરુણાવસ્થાથી જ ઝીણી વિગતો પર એમની નજર. ચાર વરસ પછી વિસાપુર જેલમાં સહેજે એ અમારી આનંદક્લબનું કેન્દ્ર બન્યા, ત્યારે પરિચય ઘણો વધ્યો.

એક રવિવારે બપોર પછી વિદ્યાપીઠમાં જઈ ચડ્યો તો કોઈ નહીં ને ખુદ ગાંધીજી વર્ગ લઈ રહ્યા હતા. ચૂપચાપ જઈને પાછળ ગોઠવાઈ ગયો. બધું સુરેખ

૧. ગૂજરાત વિદ્યાપીઠના અર્ધશતાબ્દીમહોત્સવગ્રંથ નિમિત્તે લખાયેલું.

સાંભરે છે. વાયવ્ય ખૂણાના ખંડમાં 'હિંદ સ્વરાજ'નો વર્ગ હતો. 'રેલની રેલ ફરી વળી' – વાળું પ્રકરણ એ દિવસે હતું. અંદર જતાં પહેલાં બારણા પાસે ખૂણામાં એક નાના બાજઠ પર 'હિંદ સ્વરાજ'ની ખાદીના પૂંઠાવાળી નકલો મૂકેલી હતી. પાસે પૈસા પડેલા હતા. કોઈ વેચનાર ન હતું. જેને નકલ જોઈએ તે ઉપાડી લે અને કિંમતના પૈસા ત્યાં મૂકી દે. મારે માટે આ નવતર અનુભવ હતો. એક નકલ લીધી એવું આછું સ્મરણ  ેછ

પછી તો તક મળ્યે ત્યાં પહોંચી જતો. રાષ્ટ્રીય પ્રસંગોએ, વિદ્યાપીઠના ઉત્સવોમાં, સંમેલનોમાં, ખબર પડે એટલે હાજર થઈ જતો. ત્યાં અચાનક જ વિદ્યાપીઠ-પરિવાર સાથે સંબંધમાં મુકાયો. ૧૯૨૮ની નાતાલની રજાઓમાં પ્રાંતિજમાં મહીકાંઠા એજન્સી (આજના સાબરકાંઠા જિલ્લાના કેટલાક પ્રદેશ)નું યુવકસંમેલન હતું, ત્યાં હું ગયેલો. સભામાં થોડોક મોડો પહોંચેલો. સભા પૂરી થઈ એટલે ત્રણચાર જણા ભેગા થઈ ગયા અને મને બતાવીને એકમેકને કહે કે આ આપણા દિનકર જેવો લાગે છે માટે તમે એની સામે જોતા હતા ને? પ્રમુખશ્રી પ્રો. કીકુભાઈ દેસાઈ, મંત્રી રમણલાલ સોની, ભોગીલાલ ગાંધી, સિતારનિષ્ણાત મૂળશંકર ભટ્ટ – વિદ્યાપીઠના એ મંડળે મને અપનાવી લીધો અને વિદ્યાપીઠમાં મારે મળવા જવું એમ ઠર્યું. એક રજાને દિવસે ગયો ત્યારે પ્રદર્શન ચાલતું હતું. એ ઓરડાના બારણા આગળ ભાઈ દિનકર મહેતાને ને મને બંનેને સામ-સામા ઊભા રાખી એ મિત્રોએ કહ્યું કે તમે એકમેકની પ્રતિકૃતિને જોઈ લો. અમે તો પોતાનો ચહેરો જોઈ શકીએ નહીં એટલે સરખામણી અંગે ટાપસી પુરાવી શકીએ એવું હતું નહીં. મારી આવી સરખામણી બીજા બે યુવકનેતાઓ સાથે થયેલી સાંભરે છે. કદાચ થોડા ગાળા માટે પણ કશુંક સરખાપણું વરતાતું હશે. મને યાદ છે, પાંચ વરસ પછી એક સાંજે પૂણેમાં સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીમાં જતા હતા અને શ્રી ઠક્કરબાપાએ મને પૂછેલું : કેમ, ક્ષય મટી ગયો? મેં પૂછ્યું : આપ દિનકરની વાત કરો છો? એમણે મારી સામે બરોબર જોઈને કહ્યું: હા.

પ્રો. કીકુભાઈ દ્વારા ચોપડીઓ મળવા માંડી. વાયોલિનવાદક સંગીતકાર શંકર પાઠકની કળાનો અવારનવાર લાભ લેવાનું ચૂકતો નહીં. ત્યાં ૧૯૨૯ના જાન્યુઆરીમાં અમારી ગુજરાત કૉલેજની મોટી હડતાળ આવી. એવામાં જ આચાર્યશ્રી કૃપાલાની વિદ્યાપીઠમાંથી છૂટા થઈને મેરઠ આશ્રમમાં પાછા જવાના હતા. ગાંધીજીએ અમને વિદ્યાર્થીઓને દોરવણી આપવા એમને થોડો વખત રોકાઈ જવા કહ્યું. કૃપાલાનીજીની એ વખતની કામગીરી પયગંબરી આવેશવાળી હતી. કૉલેજના વિદ્યાર્થીઓ ઉપર એમની અજબ ભૂરકી હતી. નદીની રેતમાં રોજ સાંજે

ભાષણો થતાં. આચાર્ય આવે, વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ વંટોળિયા પાછળ ઘસડાતાં આવતાં હોય એમ ધસ્યાં આવે. એક સાંજનું ભાષણ મને બરોબર યાદ છે. આચાર્ય કહે : 'આઈ એમ એ કિંગ' – હું રાજા છું. અને અર્ધું ચક્કર ફરી લીધું. બાબરી ઊછળી. વીંટળાઈને બેઠેલ અમારી સૌની તરફ હાથ કરી આગળ ચલાવ્યું : 'માય કિંગ્ડમ ઇઝ ઇન યૉર હાર્ટ્સ' – મારું રાજ્ય છે તમારા સૌના હૃદયમાં. એ જમાનો જ જુદો હતો. આવા ઉદ્‌ગારો નર્યાં સત્ય લાગતા. પણ મારે કહેવું તો એ છે કે વિદ્યાપીઠ માત્ર વિદ્યાપીઠની દીવાલો વચ્ચે જ ન હતી. ગુજરાત કૉલેજના અમે બધા વિદ્યાપીઠના એક પ્રેરણામૂર્તિ આચાર્યના પ્રબળ પ્રભાવ નીચે હતા.

જરીક ગમ્મત પણ વચ્ચે થઈ જતી. ગુજરાત કૉલેજ સામે રાવની હોટેલ આગળ સવારે અગિયારે સભા હતી. અમે બે મિત્રો આગળ ગોઠવાઈને બેઠેલા. આચાર્ય કૃપાલાની આવ્યા. શિયાળો હતો એટલે એમણે શાલ ઓઢેલી. શાલ ઘણી ઊંચી જાતની હતી અને ઓઢવાની છટાનું તો પૂછવું જ શું? અમે વચ્ચે વચ્ચે શાલ તરફ જોઈ લેતા, જોઈ રહેતા. એ ધ્યાનમાં આવી જતાં આચાર્યે આંખમાં સ્મિત સાથે કહ્યુંઃ 'આઈ હૅવ બ્રોટ ઇટ ટુ શો યુ ધ પોસિબિલિટીઝ ઑફ ખદ્દર' – હું આ લઈ આવ્યો છું તમને ખાદીની શક્યતાઓનો ખ્યાલ આપવા.

'૩૦ની લડત આવવાની હતી અને વિદ્યાપીઠના વિદ્યાર્થીઓના સંમેલનમાં સરદારશ્રી પધારેલા એનો એક પ્રસંગ યાદ છે. વિદ્યાર્થીઓ બે ભાગમાં વહેંચાઈને દોરડું સામસામે ખેંચવાની ગજગ્રાહની રમત રમતા હતા. સમારોહના ભાષણમાં સરદારશ્રીએ કહ્યું : દોરડું સામસામે ખેંચવામાં જોર કાઢો છો તે જોયું. એક વીઘું જમીન ખેડી બતાવો તો ખરા જોરવાળા છો – ખરા સ્નાતક છો એમ જાણું.[૧] ,વર્ગમાં કાકાસાહેબે લોકમાન્ય વિશે, પહેલાંની મહાસભાના મવાળ વિચારો વિશે, કહ્યું.

લડત પૂરી થયા પછી '૩૧માં કૉંગ્રેસ અધિવેશન વખતે કરાંચી ગયેલો. કરાંચીની સંસ્થાઓમાં એ વખતના વિદ્યાપીઠના આચાર્યશ્રી કાકાસાહેબ કાલેલકરનાં પ્રવચનો સાંભળવા મળ્યાં હતાં. કરાંચીથી અમદાવાદ આવ્યો ત્યારે વિદ્યાપીઠમાં મિત્રોને મળવા ગયો. કાકાસાહેબના અનેક શિષ્યો, પણ એમાં 'કાકાવાળા'નું[૨] બિરુદ રળી જનાર શ્રી અંબાલાલ પટેલ તે મારા હાઈસ્કૂલના સહાધ્યાયી. એમણે કાકાસાહેબનો મને પરિચય કરાવ્યો. શહેરમાં પાછો વળતો હતો અને નવરંગપુરા ટોલનાકા આગળ ભાઈ દિનકર મહેતા મળ્યા. એ કહે : કાકાસાહેબને મળ્યો? મેં

૧. સરખાવો 'સરદાર વલ્લભભાઈનાં ભાષણો' (૧૯૪૯) પૃ. ૨૨૦.
૨. જુઓ કૃષ્ણલાલ શ્રીધરાણીનો લેખ 'અમ કાકાવાળાઓ' – 'કાલેલકરઅધ્યયનગ્રંથ' (૧૯૬૧), પૃ. ૪૧૫.

વાત કરી. કહે, એ મળ્યું ન કહેવાય. મને પાછો લઈ ગયા. ફરી મેળવ્યો. પરિણામ એ આવ્યું કે હું મહિનોમાસ મારે ગામડે જઈ આવું અને પછી વિદ્યાપીઠમાં રહું એમ ઠર્યું. મહિને મને પંદર રૂપિયા કાકાસાહેબ પોતાની પાસેના પૈસામાંથી આપે, મારે રોજ છ કલાક ખાદીકામને આપવા.

આવીને જોડાયો. ખાદીકામ મારા રસનો વિષય. લોઢવું, પીંજવું, કાંતવું બધામાં આનંદ આવે. કાંતવાનું તો ક્યારેક બેવડું ચાલે, સૂતર સાથે કવિતાની પંક્તિઓ પણ તૈયાર થતી આવે. પીંજવામાં રસ પડતો. બંગાળ રેલસંકટ વખતે અમે એક દિવસ પીંજવાના પૈસા ફાળામાં આપ્યા હતા. બીજા એક સાથીએ અને મેં થઈને કરેલી કમાણી બીજા નંબરે હતી.

કાકાસાહેબના મોટા પુત્ર (સતીશ કાલેલકર) એવામાં વિદ્યાપીઠમાં આવેલા. તે કહે : અહીં તારા અભ્યાસનું શું? લાઇબ્રેરી તરફ હાથ કરી મેં કાંઈક છટાથી કાર્લાઈલનું વચન એમને યાદ કરાવ્યું : 'ગ્રંથ-સંગ્રહ એ આ જમાનાની યુનિવર્સિટી છે.' કાકાસાહેબનો હવાલો તો એમને આપવાનો હોય જ નહીં. મારા સદ્‌ભાગ્યે – ૧૯૩૦માં જેલમાં મને એક નાટક લખવાનું સૂઝેલું (જે હજી મોટે ભાગે અણલખાયેલું જ છે) એને માટે ઘણા વિષયો પર વાંચવાનું રહે એમ હતું, કહો કે જેલમાંથી હું મારે માટે એક અભ્યાસક્રમ લઈને જ બહાર આવ્યો હતો.[૧] વિદ્યાપીઠનું મહાવિદ્યાલય કામ કરતું ન હતું એટલે વિદ્યાર્થી તરીકે જોડાઈ ઉપાધિ મેળવવાનો સવાલ જ નહોતો, પણ એક સર્જક તરીકેની સજ્જતા માટે એ સમયે ગૂજરાત વિદ્યાપીઠ તરફ હું વળું એ સ્વાભાવિક હતું. વિદ્યાપીઠમાં પુસ્તકો બિલકુલ સુલભ. મારો સ્વાધ્યાય ઠીક ઠીક ચાલ્યો. એમાં સૌથી મોટા સદ્‌ભાગ્યની વસ્તુ એ હતી કે વ્યાસના 'મહાભારત'માં હું પ્રવેશ્યો.

જંગમ વિદ્યાપીઠ જેવા આચાર્ય કાકાસાહેબ અમદાવાદમાં હોય ત્યારે અમારે એ ભારે લહાવો બની રહેતો. સવારે પ્રાર્થના પછી રવીન્દ્રનાથના 'સ્વદેશી સમાજ', 'ગીતાંજલિ' ઉપર કે એમનાં તાજાં જ 'માનવધર્મ' પરનાં ઑક્સફર્ડ-વ્યાખ્યાનો ઉપર કે એ વખતે નવા પ્રકાશમાં આવેલા સારસ્વત ડૉ. રાધાકૃષ્ણન્‌ના 'કલ્કિ' ઉપર પ્રવચનો હોય અને પછી ઉત્તર તરફની અગાશી ઉપર ચાલતાં ચાલતાં તારાદર્શન ચાલે. કાકાસાહેબની સાથે થોડા દિવસમાં જ આત્મીયતા વધતી ચાલી.

એમની આસપાસ અનેક તેજસ્વી માણસો હતા. મહામાત્ર નરહરિભાઈ સાથે એમનું સખ્ય. એમના મંત્રી, કહો કે મહામંત્રી સમા હતા ચંદ્રશંકર શુક્લ, એમને કાકાસાહેબ કલાકોના કલાકો સુધી પત્રોના જવાબો લખાવે. (મને એ ખૂબ

૧. જુઓ 'નિરીક્ષા' (૧૯૬૦), પૃ. ૨૩૨-૩.

નવાઈભરેલું લાગતું.) ક્યારેક કોઈ પુસ્તક કે લેખો પણ લખાવતા હોય. ચંદ્રશંકરભાઈના વ્યક્તિત્વનું શીળું તેજ એ પણ એક આહ્‌લાદદાયક વસ્તુ હતી. સૌથી લાડીલા, માનીતા, મેધાવી યુવક હતા દિનકર મહેતા. સાંભળ્યું હતું કે સુરતમાં એ માંદા હતા ત્યારે હૉસ્પિટલમાં ગાંધીજી અને સરદાર એમની ખબર કાઢવા ગયેલા. એ બંને એમને ઘડી રહ્યા હોય એવી એ વખતની મારા મન ઉપરની છાપ છે. ભાઈ દિનકરની અદા 'હોનહાર' (ભાવિ) નેતાની હતી. તમારી સાથેના સંબંધમાં કામને મહત્ત્વ આપે. સામાન્ય રીતે મુલાકાત ગોઠવી સમય સાચવીને વાત કરે, જમતાં પણ કાંઈક છાપું-પુસ્તક વાંચે. બહુ જ ગંભીર પ્રકૃતિ હોવા છતાં વચ્ચે હસી પણ લે. ક્ષયમાંથી ઊગર્યા હતા. સારવાર ચાલતી હતી. 'ધારાસણાનું ધર્મયુદ્ધ' – એ મીઠાના અગરો પાસેના સત્યાગ્રહનો અહેવાલ તૈયાર કરવામાં એ વખતે એ ખૂબ મહેનત ઉઠાવતા હતા. ઘણાં વરસો પછી એક વાર મારે ઘેર જમીને બેઠા હતા ત્યારે મારાથી કહેવાઈ ગયું હતુંઃ તમે સામ્યવાદી થયા એ હજુ મારે ગળે ઊતરતું નથી, ભાઈ! – વિદ્યાપીઠનો સમય યાદ કરું છું ત્યારે, હજી આ લખું છું તે ક્ષણે પણ, ગળે ઊતરતું નથી. દિનકરથી તદ્દન જુદી જ રીતે, અહિંસામાં જ પૂર્ણ શ્રદ્ધા દ્વારા, સમાજસેવામાં જીવન અર્પી રહેલા ભાઈ બબલભાઈ મહેતા કાકાસાહેબના બહુ પ્રીતિપાત્ર વિદ્યાર્થી હતા. અમે બંને ઇન્ટરની પરીક્ષા આપ્યા પછી '૩૦ની સત્યાગ્રહલડતમાં જોડાયેલા અને સ્વધર્મપ્રેર્યા કાકાસાહેબ પાસે આવી પહોંચ્યા હતા. સૂકલી દેહયષ્ટિ, સ્વચ્છ દાંતની શ્વેતતાથી શોભતું, કદી ન કરમાતું એમનું આછું મરક મરક સ્મિત. એ જુદા જ તરી આવતા. વચ્ચે વચ્ચે વિદ્યાપીઠમાં પાછલા મહારથીઓ આવે અને કાકાસાહેબ પરનો એમનો હક જોઈ આપણે જાણે કે દસ ગાઉ દૂર હડસેલાઈ જઈએ. બીજી પણ બે મહત્ત્વની વ્યક્તિઓ હતી. કાકાસાહેબની પાસેની જ નાની ઓરડીમાં સતત ચોકી રાખતા 'કાકાવાળા' અંબાલાલ અને રાતે દસ વાગ્યે હાથમાં કંડીલ લટકાવી ચારે બાજુ સૌને આરામની સૂચના આપતા, સવારસાંજ તાનપૂરા સાથે મધુર કંઠે પ્રાર્થના-ભજનો ગાનારા, પણ કાકાસાહેબના ખંડમાં દીવો બળતો હોય તો ઉંબરા પર પગ અર્ધો મૂક્યો ન મૂક્યો કરીને 'કેમ હજી સૂતા નથી' એવો ડારો દઈ ચાલ્યા જતા કડક ગૃહપતિ અમૃતલાલ નાણાવટી. આ બધો વ્યૂહ ભેદવાનો વિચાર પણ આવે (મારા જેવામાં તો એ હિંમતનો પણ અભાવ) એ પહેલાં સહજક્રમે કાકાસાહેબે અંતરંગ માણસ તરીકે મારો સ્વીકાર કર્યો. શી રીતે? આજે ચાર દસકા પછી પણ એ રહસ્યવાત જ લાગે છે. એ સંબંધ સમય જતાં ઘનીભૂત બન્યો છે. વચ્ચે લાંબો સમય મળ્યા ન હોઈએ, કાગળ પણ ન લખ્યો

હોય, એવું બન્યું છે. વિચારો, વલણો, વર્તનની ભિન્નતા પણ સહેજે રહી છે. કદાચ એ સંબંધનું સજીવપણું, એ ખુશીનો સોદો છે – એ કારણે હોય. બને કે બંનેની શોધમાં કશેક કંઈ સરખાપણું હોય. એટલું ચોક્કસ કે થોડા શબ્દોમાં અમારી વચ્ચે ઘણો સઘન વ્યવહાર ચાલી શકે છે.

આરંભમાં જ કાકાસાહેબે મને કહેલું એક વાક્ય મારા મનમાં ચોંટી રહ્યું છે. તું કવિ છે, પણ તારો અભિગમ બૌદ્ધિક છે. પછી એમણે સવારે એમનાં પોતાનાં કામોનો ખ્યાલ આપ્યો એ ઉપરથી હું પણ એમાંથી કાંઈક ઉપાડવા પ્રેરાયો. એમને વાંચી સંભળાવવું, કોઈ વાર એવા વાચનને અંતે પ્રસ્તાવના, વિવેચન જેવું લખાવે તે લખવું – એમ કામગીરી શરૂ થઈ. એમને અહીંથી, ક્યાંયથી, ગમે ત્યાંથી, ઉલ્લેખો કરવાની ટેવ. હું નથી સમજ્યો એમ જુએ એટલે મદદ કરે. અરે, રવીન્દ્રનાથનું *ભારતતીર્થ* ('હે મોર ચિત્ત, પુણ્યતીર્થે જાગો રે ધીરે') વાંચ્યું નથી? તરત મને ગ્રંથાલયમાં મોકલે. એ આખું વંચાય. આમ આકાશી વૃત્તિથી ભણતરયોગ ચાલતો. એ ઘણો સ્વાભાવિક અને કાકાસાહેબ જેવા જ ચલાવી શકે એવો સમૃદ્ધ હતો. એક વાર હું આડો પડીને વાંચતો હતો. કાકાસાહેબ જોઈ ગયા. તે સમયની શૈલીમાં તેમનું વચન આવ્યું: 'દેશની આંખો બગાડવાનો તને શો હક છે?'

કાકાસાહેબ પાસે ગયો ત્યારે મારા મનને ક્યાંકથી એમની સામે પૂર્વગ્રહ વળગેલો હતો. એમના વિદ્યાર્થીઓ નીરસ, ચોખલિયા હોય. મારી અગાઉનાઓની વાત તેઓ જાણે, પણ મારો અનુભવ તદ્દન જુદો જ નીકળ્યો. અને તેથી હું રાજી જ થયો. કાકાસાહેબને મેં તદ્દન મુક્ત, બીજાની સ્વતંત્રતાની પૂર્ણ કદર કરનારા જોયા. તે એટલા સુધી કે મેં પ્રાર્થનામાંથી મુક્તિ માગી તો તે તેમણે મને આપી. પણ આવી છાપ કાકાસાહેબ અંગે એ વખતે પ્રચલિત હતી. મને યાદ છે પાછળથી મારાં પત્ની (જે વિદ્યાપીઠની શાળામાં અગાઉ કૃપાલાનીજી આચાર્ય હતા ત્યારે ભણેલાં)એ અમારે ઘેર કાકાસાહેબને પોતાને જ વાત કરેલી કે હું એમની સાથે હતો એટલે મારો એમનો ખ્યાલ સંચાથી મૂળમાંથી કપાવેલા વાળવાળા, ટૂંકી ચડ્ડી અને આશ્રમની ચંપલ પહેરેલા તરુણનો હતો.

વિદ્યાપીઠ એ વખતે અમારે મન એક સાહિત્યતીર્થ પણ હતી. જોકે રામનારાયણ વિ. પાઠક અને શ્રી રસિકલાલ છો. પરીખ હવે વિદ્યાપીઠમાં ન હતા. અધ્યા૦ નગીનદાસ પારેખ એ સમયમાં ત્યાં હતા. સાંજે પાંચથી સવાપાંચ તેઓ છૂટા હોય ત્યારે રવીન્દ્રનાથની બંગાળી કવિતા એમની પાસે બેસી વાંચતો. વિદ્યાપીઠના વિદ્યાર્થી કૃષ્ણલાલ શ્રીધરાણી તો આ પહેલાં વીરમગામ છાવણીમાં

આવેલા ત્યાં મળી ગયા હતા. પણ શાંતિનિકેતનમાં જોડાતાં પહેલાં તેઓ વિદ્યાપીઠમાં આવ્યા ત્યારે નિરાંતે મળવાનું થયું. સુંદરમ્‌નો પ્રત્યક્ષ પરિચય એક વાર તેઓ વિદ્યાપીઠમાં આવેલા ત્યારે કાકાસાહેબે કરાવ્યો.

નીચે મુખ્ય દ્વાર પાસેની દખણાદી રૂમ નં. ૨માં હું રહેતો. આગળ એક મોટી સુંદર વેલ હતી અને તેની જમણી તરફ પારિજાતનું વૃક્ષ હતું. એ રૂમમાં આરંભની મારી અનેક કૃતિઓ લખાઈ છે. 'વિશ્વશાંતિ' થોડાક દિવસમાં રચાઈ ગયેલું. એની પહેલાં કોઈ નિમિત્તે આત્મશુદ્ધિ માટે પોતાના મનથી નક્કી કરીને બે ઉપવાસ કરેલા એવું સ્મરણ છે. સવારે પ્રાર્થના પછી અગાશીમાં ફરતાં ફરતાં ઘણું બધું સૂઝે. સવારે કાંતતાં એનો ઘાટ ઊઘડે અને દિવસમાં વચ્ચે વચ્ચે લીટીઓ લખાતી જાય. રોજની પચાસથી સો જેટલી. મને બરોબર યાદ છે – એક મિત્રની રૂમમાં ગાંધીજયંતીને દિવસે ભાઈ પ્રહ્‌લાદ પારેખ, તનસુખ ભટ્ટ, પ્રેમશંકર ન. ભટ્ટ એ તરુણ કવિમિત્રો, ભાઈ દિનકર, બબલભાઈ આદિ સહુ સમૂહકાંતણ કરતા હતા ત્યાં મેં ખૂબ સંકોચથી પહેલા ખંડની બાવન પંક્તિ મોઢેથી સંભળાવી ત્યારે એ બધાનો ઉત્સાહ એ નાનકડી ઓરડીમાં સમાય એવો ન હતો. તેઓની પ્રેરણાથી કાકાસાહેબ આગળ એ કાવ્ય રજૂ કરવાની મેં હિંમત કરી. એમણે 'નવજીવન' પ્રેસ દ્વારા પ્રગટ કરવાનો નિર્ણય કર્યો. સવારે કાકાસાહેબ એમના ખંડમાં પાટ ઉપર રેંટિયો રાખી બાજઠ ઉપર બેસી પ્રભાતના કુમળા તડકામાં કાંતતાં કાંતતાં 'વિશ્વશાંતિ'નો પ્રાસ્તાવિક લેખ 'આમંત્રણ' લખાવતા તે દૃશ્ય આખું સુરેખ સ્મરણમાં છે.

મહાન સંસ્થાનું કામ નાની નાની એક એક વ્યક્તિમાં સતત થયા કરતું હોય છે. પણ એની કેટલીક, વ્યક્તિથી પર, સમૂહગત, સમાજગત, રાષ્ટ્રગત, માનવતાગત કામગીરી પણ હોય છે, જો ખરે જ એ મહાન સંસ્થા હોય તો. ગાંધી-ઈરવિન સમજૂતીનો સમય હતો. બીજું આંદોલન બંધ હતું, પણ પરદેશી કાપડના બહિષ્કારની પ્રવૃત્તિ ચલાવવાની હતી. અમે વહેલા જમીને પાંચકૂવા પહોંચી જતા અને આખો દિવસ સાંજ સુધી છએક કલાક પિકેટિંગ કરતા. કોક વાર વાહનની સગવડ મળતી. ઘણી વાર એલિસબ્રિજ રસ્તે ચાલતા જ જતા-આવતા.

ક્યારેક વિદ્યાપીઠમાં કૉંગ્રેસની કારોબારીની બેઠક હોય. મોટા મોટા નેતાઓ આવે એમનાં દર્શનનો લાભ મળે એટલું જ નહીં, નજીકથી એમની જીવનચર્યા નીરખવા મળે. પહેલે માળે ઊતરેલા ડૉ. રાજેન્દ્રપ્રસાદને ઉઘાડે ડિલે, ખભા પર ટુવાલ-કપડાં નાખી હાથમાં ડોલ રાખી કૂવે નાહવા જતા જોયાનું દૃશ્ય હૃદયમાં છપાઈ ગયું છે. એક સંધ્યાએ દીવાબત્તીટાણે ચોકની વચ્ચે પસાર થતાં શ્રીમતી

કમલાદેવી ચટ્ટોપાધ્યાયને બોલાવવા જવાહરલાલજીએ 'બહિન !' શબ્દ ઉચ્ચારેલો તેનો ગંભીર કંપ અંતઃશ્રુતિમાં હજુ સચવાઈ રહ્યો છે. ભાઈ દિનકરે ને મેં જવાહરલાલજીની મુલાકાત પણ લીધી હતી.

પહેલે માળે પાળી પાસે ઊભા ઊભા અમેરિકન પ્રો. ટક્કર ચોકમાં સેવાદળની બહેનોની પ્રવૃત્તિ ટગર ટગર જોઈ રહ્યા છે. થોડી વારે, પડખે હું ઊભો છું એવો ખ્યાલ આવતાં, મારી સામે જોયું. મેં પૂછ્યું, આપ શું જોઈ રહ્યા છો, કહે : આ બહેનોની પ્રવૃત્તિમાં રહેલી મુક્તતા. મેં પૂછ્યું : આપ તો શાંતિનિકેતનમાં અધ્યાપનકાર્ય કરો છો ને? આપ અમેરિકાના છો એવો મારો ખ્યાલ બરોબર છે? અમેરિકામાં તો બહેનોમાં સારી પેઠે મુક્તતા છે. ધીરેથી એમણે એટલું જ કહ્યું, 'હું ઇચ્છું કે આવી મુક્તતા હોય.'

ગાંધીજી એ સમયમાં જગતનું એક સજીવ કેન્દ્ર હતા. નવા વાઇસરૉય લૉર્ડ વિલિંગ્ડન સત્યાગ્રહનું જોમ ભાંગવા માટે જ આવેલા. સરકાર સાથેના સંબંધો વણસ્યા. ગોળમેજી પરિષદમાં જવાનો ઉત્સાહ ગાંધીજીને રહ્યો નહીં. વિદ્યાપીઠમાં આવીને એમણે મુકામ નાખ્યો, – સ્વરાજ મળ્યા સિવાય આશ્રમમાં પગ ન મૂકવાની પ્રતિજ્ઞા હતી. કદાચ તેઓ પોતાને અંદરથી પ્રાર્થનામાં વધુ સવિશેષરૂપે એકાગ્ર કરી રહ્યા હોય. રોજ પ્રાર્થના પછી અમો વિદ્યાર્થીઓ સમક્ષ એમણે પ્રવચનો પણ પ્રાર્થના વિશે જ કરવાનું રાખ્યું. એક પ્રવચનમાં એમણે કહ્યું : પરમેશ્વર છે. કાંઈ નરસિંહ મહેતા ખોટું કહે? મીરાંબાઈ ખોટું કહે? તુલસીદાસજી ખોટું કહે? કબીર ખોટું કહે? દલીલની રીતે આ શબ્દો જોવાના ન હોય. શબ્દોની પ્રતીતિકારકતા બોલનારની શ્રદ્ધાના ઊંડાણ પર અવલંબતી હતી. 'પરમેશ્વર છે' – એક મનુષ્યે અન્ય મનુષ્યને મુખે આનાથી વધુ સારું સાંભળવાનું ભાગ્યે જ કશું હોઈ શકે. મને ગાંધીજીનો પ્રત્યક્ષ, જોકે દૂર રહ્યે રહ્યે, લાભ મળ્યો હોય તો તે એમના આ વિદ્યાપીઠનિવાસ પ્રસંગે. છેલ્લે દિવસે એમણે પૂછ્યું : કોઈએ પ્રવચનોની નોંધ રાખી છે? મારો હાથ ઊંચો થયો. આમ તો વચ્ચે વચ્ચે ક્યારેક રીંગણ પણ તોળી લેતો હોઈશ. પણ એટલો ભાગ આગળપાછળનો સંદર્ભ બતાવી બીજા મિત્રોને પૂછી લેતો અને સવારે પછીથી આખું પ્રવચન સ્મૃતિ ઉપરથી લખી લેતો. આખી હસ્તપ્રત મહામાત્ર શ્રી નરહરિભાઈએ બાપુને આપવા મારી પાસેથી લીધી હતી. (બીજી એક નકલ મેં શ્રી બચુભાઈ રાવતને આપેલી તે એમણે સદ્‌ભાગ્યે સાચવી રાખેલી. ચૌદેક વરસ પછી એમણે મને પાછી સોંપી. કાકાસાહેબે એ પ્રવચનમાળા જોઈ લીધા પછી 'સંસ્કૃતિ' માસિકના પ્રથમ વરસ – ૧૯૪૭ના અંકો – મેથી જુલાઈ – માં તે પ્રગટ કરવામાં આવી છે.)

સિમલાથી તેડું આવ્યું. સર પ્રભાશંકર પટ્ટણી તો કેટલાક દિવસથી બાપુની સામે બેસી એમની લાંબી ધોળી દાઢી હલાવતા રેંટિયો ચલાવતા જ હતા. સિમલામાં નક્કી થયું કે બાપુએ ગોળમેજીમાં જવું. સ્પેશિયલ ગાડીથી મુંબઈથી ઊપડતી આગબોટ પકડી. જાન્યુઆરીના આરંભમાં પાછા આવ્યા ને તરત લૉર્ડ વિલિંગ્ડને એમની ધરપકડ કરી.

એ સમાચાર જાણતાં જ વિદ્યાપીઠથી અમે થોડાક સૈનિકો એક સવારે ચાલતા નીકળ્યા. ખેડા જિલ્લામાં કામ કરતા કરતા જેલ ભેગા થયા. સરકારે વિદ્યાપીઠ જપ્ત કરી. બે નંબરની મારી ઓરડીમાં કોઈ થોડી કાચી કાલીઘેલી અધૂરી રચનાઓ હશે તે જ, – બીજું કાંઈ ધન ન હતું.

દસકાઓ પછી પાછળ નજર કરતાં, આજે વિદ્યાપીઠના અર્ધશતાબ્દીમહોત્સવ પ્રસંગે મારા જેવા માત્ર અર્ધુંક વરસ રહી આવેલાને પણ એમ થાય છે કે વિદ્યાપીઠે કેવું અખૂટ આંતર-ધન આપ્યું છે.

૧૨-૧૦-૧૯૭૦ – ઉમાશંકર જોશી

# ક્રમ

'31માં ડોકિયું ની સંવર્ધિત આવૃત્તિ વખતે નિવેદન . . . . . . . (7)

નિવેદન . . . . . . . . . . . . . . . . . . . . . . . . (9)

મારું અરધું વરસ . . . . . . . . . . . . . . . . . . . . . (11)

•

**'૩૧માં ડોકિયું**

૧૬ જુલાઈ '૩૧ – ૨૭ ઑક્ટોબર '૩૧ . . . . . . . . . . . . . . . ૧

**પરિશિષ્ટ**

૧ જૂન '૩૧ – ૧૬ જુલાઈ '૩૧ . . . . . . . . . . . . . . . ૧૦૭

## ’૩૧માં ડોકિયું

•

ઉમાશંકર જોશી

કાળપટ કોઈની આંગળીઓમાં આવ્યું છે?
કાળપટનું પોત કોઈએ જોયું છે?
સ્થળને ખભે લહેરાયાં કરે
નવું-નવતેરું અનેરું કાળ ઉત્તરીય
એ ફરફરાટ કોઈના હૈયે સંઘરાયો છે?